શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

**ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા**

મહિલા આર્ટસ્, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(માસિક મુખપત્ર)

To, ________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ. (૦૨૮૬-૨૨૪૮૦૯૧)
વર્ષ : ૪ - અંક : ૨૯ તા.: ફેબ્રુઆરી/માર્ચ/એપ્રિલ-૨૦૧૩

## ૧) ગોઢાણિયા મહિલા કોલેજમાં રજતજયંતિ વર્ષની ઉજવણીનું દ્વિતીય સોપાન-નેશનલ સેમિનાર -'સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણ' - ઉત્સાહભેર સંપન્ન. દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. મકરંદ પરાંજપેની પ્રેરક ઉપસ્થિતિ.



સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠિત કોલેજોની યાદીમાં પોતાનું નામાંકન કરાવી ચૂકેલી, પોરબંદરની ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ વર્ષ-૨૦૧૨/૧૩ દરમિયાન પોતાની સ્થાપનાનાં રજતજયંતિ વર્ષની ઉજવણી કરી રહી છે. આ ઉજવણીનાં દ્વિતીય સોપાનમાં તા. ૨૬ ફેબ્રુઆરી-૨૦૧૩નાં રોજ - 'Culture, Civilization and Education' : (A Re-Interpretation in the Post-Modern Context) એ શીર્ષક સાથે એક દિવસીય નેશનલ સેમિનાર સંપન્ન થઈ ચૂકયો.




આ સેમિનારમાં Chair Person તરીકેનું સ્થાન દિલ્હી ખાતેની શ્રી જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના Head of the Department તથા અંગ્રેજી દૈનિક વતમાનપત્ર -'Times of India' ના જાણીતા કટાર લેખક ડૉ. મકરંદ પરાંજપે એ શોભાવ્યું મુખ્ય મહેમાન પદે સંસ્થાના પ્રમુખશ્રી, ડૉ. વિરમભાઈ ગોઢ ાણિયા તથા અતિથિવિશેષ તરીકે




સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ નેશનલ સેમિનારને ચિંતનસભર બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતેથી ડૉ. જયદિપસિંહ ડોડીયા - (ડીનશ્રી આર્ટ્સ ફેકલ્ટી તથા અંગ્રેજી ભાષા સાહિત્ય ભવનના પ્રાધ્યાપકશ્રી), ડૉ. પ્રફુલાબહેન રાવલ - (H.O.D. History Department), ડૉ. દક્ષાબેન જોષી-(સ્વ. શ્રી. મીનાબહેન કુંડલિયા કોલેજ રાજકોટના હિન્દી વિભાગના અધ્યક્ષ), ડૉ. ગિરિશભાઈ ત્રિવેદી, (નિવૃત રીડરશ્રી હિન્દી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ). ઉપરાંત, પોરબંદરના જાણીતા વિદ્વાન ડૉ. એ.આર. ભરડાસાહેબ, ડૉ. ચંદ્રકલાબહેન કક્કડ, પ્રિ.શ્રી ડૉ. રામદત્તી સાહેબ, ડૉ. કશ્યપભાઈ જોષી, પ્રા. શાંતિબહેન મોઢવાડિયા, સ્વામીશ્રી આત્મદીપાનંદજી, કુતિયાણા ખાતેથી ડૉ. કિરીટભાઈ જોષી તથા ગોંડલ ખાતેથી ડૉ. કેતનભાઈ પંડ્યાએ ખાસ હાજરી આપી હતી.

સેમિનારના દિવસની સુરમ્ય પ્રભાતે સવારે બરાબર ૯-૩૦ કલાકે ઉદ્‌ઘાટન સમારંભનો પ્રારંભ કરાયો. જેમાં મંચ ઉપર નેશનલ સેમિનારના Chair Person ડૉ. મકરંદ પરાંજપે, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી. ડૉ.નાગરસાહેબ, ડૉ. ગિરિશભાઈ ત્રિવેદી, ડૉ. જયદિપસિંહ ડોડીયા તથા અન્ય આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત હતા. કાર્યક્રમનો પ્રારંભ દિપપ્રાગટ્ય અને કોલેજની સંસ્કૃત વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા વેદમંત્રગાનથી કરવામાં આવ્યો. સ્વાગત પ્રવચન પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબે કર્યું. જેમાં તેમણે જણાવ્યું કે, ' આજે ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ થઈ રહ્યું છે અને તેને બચાવવી જરૂરી છે.' આ પછી પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા કોલેજના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું કે, 'માનવસમાજના ઈતિહાસમાં આજ સુધીમાં જેટલાં યુદ્ધ થયાં છે તે બધા સભ્યતા અને ધર્મના નામ પર થયાં છે. આજે પણ આ બાબત પર મોટો વિવાદ થઈ રહ્યો છે. આજે દરેક વ્યકિત એમ માને છે કે,'મારી પોતાની જ માન્યતા, શ્રદ્ધા અને વિચારસરણી સર્વશ્રેષ્ઠ છે.' વાસ્તવમાં જે એકબીજાની સાથે જોડી રાખે તે જ સાચી સભ્યતા, સંસ્કૃતિ અને શિક્ષણ- એવું મારું માનવું છે. '

આ પછી સેમિનારના Chair Person ડૉ. મકરંદ પરાંજપે સાહેબે રજૂ કરેલા વકતવ્યમાં તેમણે જણાવ્યું કે, 'દરેક તરફથી જે કાંઈ કહી શકાય તેવું મળે તેનો સ્વીકાર કરવો જોઈએ.' પૂ. મહાત્મા ગાંધીને ટાંકતા તેમણે જણાવ્યું કે,પ્રેમ અને ભકિત સર્વશ્રેષ્ઠ મૂડી છે. તે પ્રભુને અર્પણ કરવા જરૂરી છે. મહાભારતની કથામાં રાજા દ્રુપદ અને ગુરૂ દ્રોણાચાર્યનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે,'જો સમાજમાં વિદ્વાનનો તિરસ્કાર થાય તો તે વિદ્વાન સમાજના વિનાશનું કારણ બની શકે છે. આજે ભારતમાં યુવા બુદ્ધિધનની પ્રતિભાની કિંમત કરાતી નથી. તેથી તેઓ વિદેશ જતાં રહે છે. જો આ બાબત ભારતમાંથી દૂર થાય તો દેશનું યુવાધન રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગી બની શકે તેમ છે.' મહર્ષિ અરવિંદને યાદ કરીને તેમણે જણાવ્યું કે, ' જો વિશ્વકલ્યાણના હેતુથી એક દેશ બીજા દેશ માટે ત્યાગ કરી શકે તો તે દેશ પ્રગતિશીલ દેશ તરીકે ઓળખાવો જોઈએ. પ્રાચીન ભારતમાં વેદોની રચનાના કારણે ભારતીય સમાજ 'જ્ઞાની સમાજ' તરીકે ઓળખાતો. વેદોની રચનાએ ભારતને વંદનીય દેશ બનાવ્યો છે.' વિવેકાનંદજીને યાદ કરીને તેમણે જણાવ્યું હતું કે, ' વિદ્યા એવી હોવી જોઈએ કે જેનાથી અંદરની પૂર્ણતા બહાર આવે. એકાગ્રતા અંદરની મૂડી છે અને સ્વાવલંબી બનવાની તાકાત આપે તે જ શિક્ષણ.' ગુરૂવર શ્રી. રવિન્દ્રનાથ ટાગોરને ટાંકતા તેમણે જણાવ્યું કે, 'જે સર્જનાત્મક છે તે શિક્ષણ, તે ઈશ્વરીય વરદાન છે. ' આ ઉપરાંત, સ્ત્રી શિક્ષણ અંગે તેમણે જણાવ્યું કે, ' જે કુટુંબમાં સ્ત્રી શિક્ષિત હોય તે કુટુંબ શિક્ષિત બને અને બાળકના જીવનમાં માતા પ્રથમ ગુરૂ છે તથા છત્રપતિ શિવાજીના માતા જીજાબાઈ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.' કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. ઈલાબહેન થાનકીએ કરી હતી. ઉદ્‌ઘાટન

સમારંભનું સંચાલન બી.કોમ. સેમેસ્ટર-૬ની વિદ્યાર્થીનીઓ કુ. શ્રેયા ઓઝા તથા કુ. કોશા ઓઝાએ શ્રેષ્ઠ રીતે કર્યું હતું.

આ પછી સમગ્ર સેમિનાર જુદી જુદી થીમ ઉપર આધારીત સાત પેરેલલ સેશનમાં વિભાજીત કરાયો હતો અને તેમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા પ્રાધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મળીને કુલ ૧૦૫ જેટલાં સંશોધન પેપરો રજૂ કર્યા હતા.

બરાબર ૪:૦૦ વાગ્યે પૂર્ણાહૂતિ સમારંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે સમયે મંચ ઉપર Chair Person ડૉ. મકરંદ પરાંજપે, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી. ડૉ.નાગરસાહેબ, ડૉ. ગિરિશભાઈ ત્રિવેદી, શ્રી. ડૉ. જયદિપસિંહ ડોડીયા ઉપરાંત, ડૉ. હરિનબહેન મજીઠીયા, પ્રા. શાંતિબહેન મોઢવાડીયા, સ્વામીશ્રી આત્મદીપાનંદજી તથા પોરબંદરના જાણીતા સાહિત્યકાર તથા નિવૃત પ્રાધ્યાપક શ્રી નરોતમભાઈ પલાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. બિનીતા મહેતા દ્વારા સરસ્વતીવંદના સાથે કરવામાં આવી. ત્યારબાદ આ નેશનલ સેમિનારના કન્વીનરશ્રી ડૉ. ગીતાબહેન ઉનડકટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. જેમાં મહિલા કોલેજમાં ઉપલબ્ધ મૂલ્યનિષ્ઠ શિક્ષણ, સ્વામી વિવેકાનંદ કેન્દ્ર તથા કોલેજના પ્રતિકરૂપે પતિબિંબિત થતી ભારતીય સંસ્કૃતિ અંગે ગૌરવ સાથે વિગતો આપી.

નેશનલ સેમિનારના Chair Person ડૉ. મકરંદ પરાંજપેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, કોલેજ પરિવારના તમામ સભ્યોએ સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો છે અને મને આજે વિદ્યાર્થીનીઓ તરફથી પ્રોત્સાહન મળ્યું છે. કાર્યક્રમના અંતે પેપર પ્રેઝન્ટેશન દરમિયાન શ્રેષ્ઠ રજૂઆત કરવા બદલ વિદ્યાર્થીનીઓ અને કેટલાંક પ્રાધ્યાપકોને 'બેસ્ટ પેપર પ્રેઝન્ટેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. શ્રી નરોતમભાઈ પલાણ તથા શ્રી એ.આર. ભરડાસાહેબે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. મૂળજીભાઈ વાઘેલાએ આધારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજની કોમર્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીનીઓ કુ. ચાંદની શીંગડીયા તથા કુ. મિનલ રાઠોડે કર્યું હતું.

સમગ્ર સેમિનારને સફળ બનાવવામાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબ, કોલેજની સેમિનાર સમિતિના તમામ સભ્યો તથા સમગ્ર કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## ૨) નેશનલ સેમિનારમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના શૈક્ષણિક કર્મચારીઓએ કરેલ પેપર પેજન્ટેશન :

| ક્રમ | નામ | પેપર શીર્ષક |
|---|---|---|
| 1. | Dr. Bhavna Mashru | "Excellence in transferring in to practive the results relative contribution of academic departments using DEA with Sensitivity Analysis " |
| 2. | પ્રા. સ્મિતા આચાર્ય | 'શ્રી વિવેકાનંદજીની ફિલોસોફીમાં શિક્ષણ વિષયક વિચારો' |
| 3. | ડૉ. રેખા એચ. મોઢા | 'ગાંધીજી અને શિક્ષણ' |
| 4. | ડૉ. કેતનભાઇ શાહ | 'આધુનિક શિક્ષણમાં બુનિયાદી શિક્ષણની પ્રાસંગિક્તા' |
| 5. | Dr. Sulbha R. Devpurkar | 'Shri Aurobindo's views on Education and the challenges before India : A Glance in Retrospection ' |
| 6. | Dr. Ila Thanki | Culture and Education as Reflected in the Philosophy of Shri Aurobindo |
| 7. | ડૉ. કીર્તિ એમ. જાની | ગાંધીજી અને શિક્ષણ |
| 8. | પ્રા. દક્ષાબહેન ચોટાઈ | સ્વામી વિવેકાનંદની કેળવણી વિષયક પ્રસ્તુતા |
| 9. | ડૉ. ગીતાબહેન ઉનડકટ | શ્રી રવિન્દ્રનાથ ટાગોરની ફિલોસોફીમાં શિક્ષણ |
| 10. | પ્રા. વર્ષાબહેન જોષી | વૈદિક સંસ્કૃતિનો આદિસ્ત્રોત- માનવતા |
| 11. | પ્રા. સુહાગિનિ ગરાસિયા | માનવજીવનનું ઉર્ધ્વગમન - આપણા ઉત્સવો |
| 12. | ડૉ. સંગીતા પારેખ | **मानव, सभ्यता और संस्कृति** |
| 13. | ડૉ. એમ. એન. વાઘેલા | **कवीन्द्र रवीन्द्र का शिक्षादर्शन** |
| 14. | ડૉ. ભાવના કેશવાલા | ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણ-માનવજાતિના દિવ્ય જીવનનું વરદાન |
| 15. | શ્રી. કલ્પના જોષી | ભારતીય કેળવણીના સંદર્ભમાં શિક્ષણ અને શિક્ષકની ભૂમિકા |

| | | |
|---|---|---|
| 16. | Lect. Rakeshbhai Kakkad | Value oriented Education the need of the culture and civilization |
| 17. | Lect. Poonam Joshi | Rabidranath Tagore's Role in the Innovation of Education Ideas |
| 18. | Lect. Bhagavati Chudasama | Role of a Teacher and Education |
| 19. | Lect. Dhaval Ardeshana | Culture, Civilization and Education |
| 20. | Lect. Rushi Pandya | Empowerment of women in India as an Essential need of the Modern Civilization in the Light of Shifting culture values |
| 21. | Shri Hirak Logia | Tagore - The Visionary |
| 22. | Lect. Piyush Pankhaniya<br>Lect. Devayat Baku<br>Lect. Jitendra Parmar<br>Lect. Sailesh Maheta | Culture, Civilization and Education |

## ૩) 'સ્વામી વિવેકાનંદ કેન્દ્ર' અંતર્ગત થયેલ પ્રવૃતિ :-

તા. ૨૫/૨/૨૦૧૩ ના રોજ, શ્રી રામકૃષ્ણ મિશન-પોરબંદર દ્વારા આયોજિત 'યુવા શિબિર' માં કોલેજની ૫૫ (પંચાવન) વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. 'સ્વામી વિવેકાનંદ કેન્દ્ર' ના કોલેજ કો.ઓર્ડિનેટર ડૉ. સુલભાબેન દેવપુરકરનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓ આ કાર્યક્રમમાં જોડાઈ હતી. આ ઉપરાંત, ડૉ. ગીતાબહેન ઉનડકટે પણ વિદ્યાર્થીનીઓને પ્રેરણા તથા પ્રોત્સાહન પુંરૂ પાડ્યું હતું. શિબિરના અંતે વિદ્યાર્થીનીઓએ ભેટ સ્વરૂપે પુસ્તકો મેળવ્યા હતા. 'શ્રી. રામકૃષ્ણ મિશન, પોરબંદર' દ્વારા આપવામાં આવેલી CD કે જેમાં સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીનાં પ્રવચનો છે. તે વિદ્યાર્થીનીઓને દર્શાવવામાં આવી.

## ૪) C.C.D.C. / UDISHA અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં સ્નાતક વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે - 'સ્નાતક થયા પછીના અભ્યાસક્રમો' - માટેનો એક સેમિનાર - **'PAMAM Institute & Research Center-Jamnagar'** ના સહયોગથી ગોઠવવામાં આવ્યો. જેમાં અંદાજિત 180 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તે અંગેની વિવિધ વાંચન સામગ્રી અંગેનો એક કાર્યક્રમ ' Career Express Magazine' દ્વારા મહિલા કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં તજજ્ઞ તરીકે શ્રી હેમાંગ ભટ્ટ(રાજકોટ) તથા ડૉ. અનિલ માંકડીયા(રાણાવાવ) આવેલા હતા. આ કાર્યક્રમમાં કોલેજની તમામ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

મહિલા કોલેજ દ્વારા આયોજિત 'National Seminar' ને ધ્યાનમાં રાખીને, કોલેજની વિદ્યાર્થીનીઓ માટે એક Training Workshop નું આયોજન તા. ૧૧/૨/૧૩ થી ૧૬/૨/૧૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી. કલ્પનાબહેન જોષી, ડૉ. ઈલાબહેન થાનકી તથા ડૉ. એમ.એન. વાઘેલાએ વિવિધ બાબતો અંગે માર્ગદર્શન પુંરૂ પાડ્યું હતું.

## ૫) 'લાઈબ્રેરી સમિતિ' અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

ગુજરાતી સાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન તા. ૮/૨/૨૦૧૩
અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૬/૨/૨૦૧૩
હોમસાયન્સ વિભાગનાં પુસ્તકોનું પ્રદર્શન તા. ૨૫/૨/૨૦૧૩

## ૬) ત્રિવેણીસંગમ કાર્યક્રમ - ૨૦૧૨/૧૩

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં છેલ્લા ચાર વર્ષથી દરેક વર્ષે 'ત્રિવેણીસંગમ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવે છે. જેમાં દરેક ફેકલ્ટી તથા મુખ્ય વિષય સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ડિપાર્ટમેન્ટ લેવલ પર 'વર્તમાન વિદ્યાર્થીનીઓ, વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ' માટે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરાય છે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે આયોજિત કાર્યક્રમની વિગતો આ મુજબ છે :

(1) વિનયન વિદ્યાશાખા

(A) અંગ્રેજી વિભાગ :- તા. ૨/૨/૨૦૧૩ ના રોજ ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય વિષય અંગ્રેજી સાથે કોલેજની વિનયન વિદ્યાશાખામાં અભ્યાસ કરતી વર્તમાન વિદ્યાર્થીનીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ તથા વાલીશ્રીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં ૨૦ જેટલાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબ, ડૉ. સુલભાબહેન દેવપુરકર, પ્રા. ઈલાબેન વજરીયા તથા પ્રા. ભગવતીબહેન ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રિન્સીપાલશ્રી તથા તમામ પ્રાધ્યાપકશ્રીઓએ પ્રેરક ઉદ્દબોધન કર્યું હતું. વિદ્યાર્થીનીઓ દ્વારા એક નાનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો. કાર્યક્રમ પૂરો થયા પછી વાલીશ્રીઓએ પોતાના લેખિત અભિપ્રાયો આપ્યા જેમાં આ કાર્યક્રમ તથા કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ તથા પોતાની પુત્રીઓના અભ્યાસ અને વ્યક્તિત્વ વિકાસમાં કોલેજની ભૂમિકા અંગે સંતોષ અને આનંદ વ્યક્ત કર્યા હતા તથા અંગ્રેજીના વિકાસમાં પોતાની શક્ય હોય તો તેવી રીતે મદદરૂપ થવાની તૈયારી પણ બતાવી હતી.

(B) હિન્દી વિભાગ :- તા. ૬/૨/૨૦૧૩ ના રોજ હિન્દી વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલાસાહેબે સમગ્ર વર્ષ દરમ્યાન હિન્દી વિષય સાથે સબંધિત તથા અભ્યાસેતર કહી શકાય તેવી કઈ કઈ સર્જનાત્મક પ્રવૃતિઓ કરાઈ છે અને જેના દ્વારા વિદ્યાર્થીનીઓની સુષુપ્ત શકિતઓને કેટલું સરસ પ્રોત્સાહન મળે છે. તે અંગેની માહિતિ પુરી પાડી હતી તથા હિન્દી વિભાગનાં વરિષ્ઠ અધ્યાપિકા ડૉ. સંગીતાબહેન પારેખે 'વિશ્વમાં હિન્દી ભાષા અને સાહિત્યની સ્થિતિ અને ગતિ' એ વિષય પર પોતાના વિચારો રજૂ કરેલ હતા. હિન્દી ભાષા સાહિત્યને મુખ્ય વિષય તરીકે પસંદ કરીને કોલેજમાં અભ્યાસ કરતી પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષની વિદ્યાર્થીનીઓએ કવિતા તથા ગઝલનું સુંદર રીતે પઠન કર્યું. જેથી ઉપસ્થિત વાલીઓ ઘણા ખુશ થયેલ હતા. કાર્યક્રમ દરમ્યાન મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબે પ્રેરક પ્રવચન આપેલ હતું તથા વાલીશ્રીઓએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કરેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ કુ. હેતલ મકવાણા તથા કુ. સ્નેહા મોઢાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે મુલાકાતી પ્રા. શ્રી જીતેન્દ્ર પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

(C) સંસ્કૃત વિભાગ :- તા. ૯/૨/૨૦૧૩ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દીપપ્રાગટ્ય દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો અને પ્રારંભ સમયે મુખ્ય વિષય સંસ્કૃત સાથે S.Y.B.A. તથા T.Y.B.A. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ દ્વારા વેદમંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. આ પછી તુરંત સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. ગીતાબહેન ઉનડકટએ સંસ્કૃત અભ્યાસ વર્તુળ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ S.Y.B.A. ની વિદ્યાર્થીની કુ. કાજલ માલમ દ્વારા એક સુંદર નૃત્ય રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ T.Y.B.A. ની વિદ્યાર્થીની કુ. ધારા ભારદ્વાજ એ સંસ્કૃતમાં વકતવ્ય રજૂ કર્યું. ત્યારબાદ T.Y.B.A. ની વિદ્યાર્થીની કુ. નીલમ જોડ એ એક સુંદર ભજન રજૂ કર્યું. આ પછી F.Y.B.A. વિદ્યાર્થીની વિદ્યાર્થીનીઓએ એક સુંદર સમૂહનૃત્ય રજૂ કર્યું અને ભૂતપૂર્વ વિદ્યાર્થીની કુ. મહેશ્વરી પુરોહિત એ દુહા-છંદનું ગાન કર્યું. આ કાર્યક્રમમાં પણ પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. જેમાં તેમણે સંસ્કૃત ભાષા સાહિત્યનાં મહત્વ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીશ્રીઓએ પણ આર્શીવચનો પાઠવ્યાં હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સંસ્કૃત વિષયનાં મુલાકાતી પ્રા. શ્રી. શૈલેષભાઈ મહેતાએ કરી હતી.

(D) ગુજરાતી વિભાગ :- તા. ૧૩/૨/૧૩ ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી ભાષા સાહિત્યને મુખ્ય વિષય તરીકે પસંદ કરીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

(E) અર્થશાસ્ત્ર વિભાગ :- તા. ૧૬/ ૨/૨૦૧૩ ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ અને સાથે જ સરસ્વતીવંદના અને સંસ્કૃત શ્લોકોનું ગાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. ભાવનાબહેન કેશવાલાએ ઉપસ્થિત સર્વે મહેમાનોને આવકાર્યા હતા તથા તેમના દ્વારા 'ૐ' નો નાદ કરાવવામાં આવેલ હતો. આ પછી તુરત જ T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ દ્વારા ઉપસ્થિત વાલીશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. નાગર સાહેબે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવાની સાથે વિદ્યાર્થીનીઓને આર્શીવચનો પાઠવ્યા હતા. આ પછી અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈલાબહેન થાનકીએ અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓનો અહેવાલ 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (P.P.T.)' દ્વારા સૌને આપ્યો હતો. આ પછી કોલેજમાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય સાથે અભ્યાસ કરતી F.Y., S.Y. તથા T.Y. ની કુલ ૦૯ વિદ્યાર્થીનીઓને કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબના વરદ હસ્તે 'Best Student's ' તરીકેના શિલ્ડ અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. આ પછી

T.Y.B.A. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ગ્રુપ સોંગ અને સોલો સોંગ રજૂ કર્યા હતા તથા સંસ્થા વિષેના પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ ઉપરાંત, T.Y.B.A. ની વિદ્યાર્થીની કુ. નિશિતા ખોખરી એ 'ગાંધીજીના આર્થિક વિચારો' અંગે તથા કુ. રૂડી કોડીયાતરએ 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર' અંગે P.P.T. દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ પછી તુરત જ મુલાકાતી પ્રા. શિલ્પા કેશવાલાએ કોલેજમાં ચલાવતા 'Rural Development' અંગે Short Term Course અંગેની માહિતિ આપી હતી. ત્યારબાદ કોલેજના મુલાકાતી પ્રાધ્યાપક શ્રી પિયુષભાઈ પાણખાણિયાએ આભારવિધિ કરેલ હતી તથા કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગીત સાથે કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ કુ. બીના આગઠ તથા કુ. કાજલ ખુંટીએ સુંદર રીતે કરેલ હતું.

(F) સમાજશાસ્ત્ર વિભાગ :- તા. ૨૦/૨/૨૦૧૩ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'લગ્નસંસ્થા' ને કાર્યક્રમની થીમ તરીકે સ્વીકારીને સમગ્ર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. જેમાં કાર્યક્રમનો પ્રારંભ S.Y.B.A. ની મુખ્ય વિષય સમાજશાસ્ત્ર સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ કુ. પુજા મોઢા તથા કુ. પુજા સિસોદીયા દ્વારા સરસ્વતી વંદના સાથે કરવામાં આવ્યો હતો. આ પછી તરત જ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રેખાબહેન મોઢાએ ઉપસ્થિત વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરવાની સાથે સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવતી પ્રવૃતિઓ અંગેનો અહેવાલ રજુ કર્યો. આ દરમ્યાન T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ દ્વારા ઉપસ્થિત વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું પુષ્પગુચ્છથી સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું. જેમાં તેમણે વિદ્યાર્થીનીઓને આર્શીવચનો પાઠવ્યા તથા 'લગ્નસંસ્થા'ની થીમ ઉપર આધારીત કાર્યક્રમ તૈયાર કરવા બદલ સમગ્ર સમાજશાસ્ત્ર વિભાગને અભિનંદન આપ્યા તથા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સતત નવી નવી પ્રવૃતિઓ થતી રહે છે. તે બાબત અંગેની જાણ વાલીશ્રીઓને કરી તથા દરેક પ્રયત્નમાં તેમનો સહકાર માગ્યો તથા વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ જ્યારે પણ જરૂર પડે ત્યારે ઉપયોગી બનવાનું વચન પણ આપ્યું. આ પછી તરત જ કોલેજના વાઈસ પ્રિન્સીપાલશ્રી હરિભાઈ કરગથરાને પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું. જેમાં તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીનીઓને આર્શીવચનો પાઠવ્યાં તથા વાલીશ્રીઓને પણ કોલેજમાં સતત આવતા-જતા રહેવાની ભલામણ કરી. કાર્યક્રમ માટેના હોલની સુંદર સજાવટ જોઈને તેમણે જણાવ્યું કે, 'કાર્યક્રમ તો નાનો છે, પણ તેની તૈયારી મોટા કાર્યક્રમને અનુરૂપ કરવામાં આવી છે.' આ પછી તુરત જ S.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ કુ. શ્વેતા રાયઠઠ્ઠા તથા તેમની સખીઓએ 'મહેંદી રસમ' ઉપર આધારીત એક સમૂહ નૃત્ય રજૂ કર્યું હતું. આ પછી T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ કુ. ભકિત જોષી, કુ. ભાવના જોષી, કુ. પુજા દતાણી તથા કુ. રીના ભાદ્રેચાએ 'સંગીતાસંધ્યા' ને અનુરૂપ એક સુંદર નૃત્ય કર્યું. આ પછી 'હિંદુ લગ્ન એક સંસ્કાર' શીર્ષક સાથે એક સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. જેમાં T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ કુ. પુજાબા ગોહિલ તથા તેમની સખીઓએ 'હિંદુ લગ્ન' દરમ્યાનની નાની મોટી તમામ ધાર્મિક વિધિઓને આવરી લઈને દરેક વિધિ સાથે સબંધિત લગ્નગીતની રમઝટ બોલાવી. આ પછી S.Y.B.A. ની વિદ્યાર્થીની કુ. પુજા મોઢાએ 'મુસ્લિમ લગ્ન' શીર્ષક સાથે એક સ્પીચ રજૂ કરી જેમાં મુસ્લિમ લગ્નની વિધિઓ, હેતુઓ તથા મુસ્લિમ સમાજના લગ્ન (નિકાહ) સાથે સબંધિત રીત-રીવાજો અંગેની રસપ્રદ માહિતિ રજુ કરી અને ત્યારબાદ T.Y.B.A. ની વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ એક સુંદર નાટક 'વો સુબહ કબ આયેગી ?' રજુ કરવામાં આવ્યું. જેમાં ભારતીય લગ્ન સાથે સબંધિત વિવિધ સમસ્યાઓ,ઘરેલું હિંસા, છૂટાછેડા તથા ખાસ તો સ્ત્રી ભ્રૂણહત્યાને કારણે લગ્ન માટે કન્યા મેળવવામાં પડતી મુશ્કેલી તથા તેને કારણે લગ્ન માટે કન્યાની ખરીદી તથા લગ્ન પછી કન્યા દ્વારા થતી ઘરની મિલકત, આભૂષણો, રોકડ -રકમ વિગેરેની ચોરી તથા રફુચક્કર થઈ જવાના સમાજમાં બનતા બનાવોને નાટકમાં તાદશ્ય રીતે રજૂ કરવામાં આવ્યા અને ખાસ તો સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવાનો સંદેશ રજૂ કરવામાં આવ્યો. આ સમગ્ર નાટકમાં F.Y., S.Y. તથા T.Y.B.A. ની અનેક વિદ્યાર્થીનીઓ - કુ. ધર્મિષ્ઠા પોસ્તરીયા, કુ. પુજાબા ગોહિલ, કુ. રીના ભાદ્રેચા, કુ. નેહલ તેરૈયા, કુ. ભાવના જોષી, કુ. કુંજલ ઢોલરીયા, કુ. સલમા ઉમરીયા, કુ. મિતલ કીરી, કુ. કાજલ મોઢા, કુ. કિરણ ભાયાણી એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા પણ સમયની ભારે વ્યસ્તતા વચ્ચે પણ થોડા સમય માટે આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમ તથા નાટકની થીમ જાણીને તથા સમાજને કોઈ સંદેશ પહોંચાડવાનો હેતુ જાણીને ઘણા ખુશ થયા નાટકમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને તેમણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતા તથા સમગ્ર પ્રેક્ષકગણને પણ આ અંગે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો.

આ પછી તુરત જ સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ દ્વારા વર્ષ દરમિયાન યોજાયેલી સ્પર્ધાઓના વિજેતાઓને તથા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ચલાવવામાં આવતા 'Short Term Course-Womens Right's and Law' ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવ્યાં. આ પછી કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કુ. ફિરોઝા બેલીમ તથા કુ. જાનકી જોષીએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા અને પછી તરત જ ઉપસ્થિત વાલીશ્રીઓએ પણ પોતાના અભિપ્રાયો રજુ કર્યા. જેમાં પોતાની પુત્રીઓના અભ્યાસ અંગેની તથા પ્રગતિ અંગેની વિગતો જાણીને સંતોષ તથા આનંદ વ્યકત કર્યો. અંતમાં, સમાજશાસ્ત્ર વિભાગના વરિષ્ઠ અધ્યક્ષ ડૉ. કીર્તીબહેન જાનીએ સૌના આભાર માન્યો તથા રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ભકિત જોષી અને કુ. પુજા દતાણીએ કર્યું હતું.

(G) માનસશાસ્ત્ર વિભાગ :- તા. ૨૩/૨/૨૦૧૩ના રોજ માનસશાસ્ત્ર વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબના વરદ હસ્તે દીપપ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પછી તુરત જ પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીનઓનું સ્વાગત કર્યું હતું તથા સમાજના અને સંસ્થાના વિકાસમાં વાલીશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ તથા વર્તમાન વિદ્યાર્થીનીઓ પણ અનેકરીતે યોગદાન પુંરૂ પાડી શકે તે બાબત ભારપૂર્વક જણાવી હતી. આ પછી માનસશાસ્ત્રના પ્રા. શ્રી. દેવાયતભાઈ બાકુએ પણ ઉપસ્થિત સર્વે મહેમાનોનું સ્વાગત કરવાની સાથે માનસશાસ્ત્ર અભ્યાસવર્તુળ દ્વારા વર્ષ દરમ્યાન ચલાવવામાં આવતી પ્રવૃતિઓ અંગેની માહિતિ રજુ કરી તથા 'માનવી, તેની જીવનશૈલી અને સમસ્યાઓ' એ વિષય પર પોતાના વિચારો રજુ કર્યા હતા.

ત્યારબાદ રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં શિવસ્તુતિ, સ્પીચ, ગ્રુપડાન્સ તથા સમૂહગીત જેવા કાર્યક્રમો રજુ કરાયા હતા. ત્યારબાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ અને ઉપસ્થિત વાલીશ્રીઓએ સંસ્થા વિષેના પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. જેમાં જણાવ્યું કે, 'મેં મારા જીવનમાં હજુ સુધી આવી સંસ્થા જોઈ નથી. મને મારા પોતાના વ્યકિતત્વમાં જે ખામી જણાઈ રહી છે. તે ખામી મારી પુત્રીઓમાં નહીં રહે એવો મને વિશ્વાસ છે. કારણ કે, આ સંસ્થા મારી પુત્રીની તે ખામી દૂર કરવા કટિબદ્ધ છે. તે બાબત આજે મારા ધ્યાનમાં આવી છે. આ એક એવી સંસ્થા છે જે સતત કાર્યરત છે.' કાર્યક્રમના અંતમાં, પ્રા. શ્રી. બાકુ સાહેબે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

## (2) *વાણિજય વિદ્યાશાખા :-*

(A) વાણિય શાખા (ગુજરાતી માધ્યમ) :- તા. ૨/૩/૧૩ ના રોજ મહિલા કોલેજની વાણિજ્ય વિદ્યાશાખા (ગુજરાતી માધ્યમ)ના ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ વિભાગની ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

(B) વાણિય શાખા (અંગ્રેજી માધ્યમ) :- તા. ૬/૩/૧૩ ના રોજ વાણિજ્ય વિદ્યાશાખામાં (અંગ્રેજી માધ્યમ)ના ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોરબંદર શહેરના જાણીતા વિદ્વાન એડવોકેટ અને અનેક સેવાભાવી સંસ્થાઓના સભ્યશ્રી નલિનભાઈ કક્કડને મુખ્ય મહેમાન તરીકે નિમંત્રિત કરાયા હતા. આ કાર્યક્રમનો પ્રારંભ અતિથિશ્રી નલિનભાઈ કક્કડના વરદ હસ્તે દીપપ્રાગટય કરીને કરવામાં આવ્યો. આ પછી તરત જ અંગ્રેજી માધ્યમ કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા. રાકેશભાઈ કક્કડે સૌનું સ્વાગત કર્યું. વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. વર્ષ દરમ્યાન અભ્યાસવર્તુળનો ઉપક્રમે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને સર્ટીફિકેટ તથા પારિતોષિકનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી નલિનભાઈ કક્કડે પ્રાસંગિક ઉદ્દ્બોધન કરતાં જણાવ્યું કે, 'ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં કોમર્સ વિભાગમાં અંગ્રેજી માધ્યમ દ્વારા અભ્યાસ કરાવવાનું શરૂ કરાવીને ડૉ. વિરમભાઈએ પોરબંદરની અંગ્રેજી માધ્યમમાં શાળાનું શિક્ષણ મેળવેલી દિકરીઓને માટે ઘરઆંગણે જ અંગ્રેજી માધ્યમમાં ઉચ્ચશિક્ષણની પણ સુવિધા ઉભી કરી આપીને ઘણું ઉત્તમ કાર્ય કર્યું છે. આ બાબતને 'સમાજની એક મોટી સેવા 'ગણી શકાય તેમ છે. ' અંતમાં, આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

(3) ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા :- તા. ૧૩/૩/૧૩ ના રોજ ગૃહવિજ્ઞાન વિદ્યાશાખામાં ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ ઉપસ્થિત વાલીશ્રીઓના હસ્તે દીપપ્રાગટય દ્વારા કરવામાં આવ્યો. આ પછી હોમસાયન્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીની કુ. ભાવિકા થાનકીએ એક સુંદર સ્તુતિ રજુ કરી હતી અને પછી ઉપસ્થિત વાલીશ્રીઓનું ફુલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હોમસાયન્સ વિદ્યાશાખાના અધ્યક્ષ ડૉ. ચેતનાબહેન બેચરાએ ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત કરવાની સાથે હોમસાયન્સ અભ્યાસવર્તુળ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવતી

વિવિધ પ્રવૃતિઓ અંગેની માહિતિ રજૂ કરી હતી. ત્યારબાદ કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્‍બોધન કરતાં વિદ્યાર્થીનીઓને સવાલ પૂછેલો કે, ‘હોમસાયન્સના અભ્યાસ દ્વારા ખુશ છો ?’ જેનો જવાબ વિદ્યાર્થીનીઓએ ‘હા’ માં આપ્યો હતો.

આ પછી હોમસાયન્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. જેમાં નૃત્ય ગીત તથા સુવિચાર રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ ઉપસ્થિત વાલીશ્રી ભાવનાબહેન વિશાલભાઈ કિંદરખેડીયાએ હોમસાયન્સ વિદ્યાશાખા અંગે પોતાનો સુંદર પ્રતિભાવ રજૂ કર્યો અને સાથે જ આગળ અભ્યાસ, વ્યક્તિત્વ વિકાસ તથા આર્થિક સ્વાવલંબન અંગે કેવી તકો રહેલી છે ? તે અંગે જાણકારી મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતાં હોમ સાયન્સ વિદ્યાશાખાના અધ્યક્ષ ડૉ. ચેતનાબહેન બેચરાએ આ અંગે વિસ્તૃત સમજ પુરી પાડી હતી. આ ઉપરાંત, અન્ય એક વાલીશ્રી જગદીશભાઈ પરમારે પણ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ‘હોમસાયન્સ વિદ્યાશાખાની મદદથી વિદ્યાર્થીનીઓમાં વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય છે.’

આ પછી હોમસાયન્સ અભ્યાસવર્તુળ દ્વારા વર્ષ દરમ્યાન યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલી વિદ્યાર્થીનીઓને ઉપસ્થિત વાલીશ્રીઓના હસ્તે સર્ટીફિકેટ અપાવવામાં આવ્યા. ત્યારબાદ હોમસાયન્સ વિદ્યાશાખા પ્રા. નાથીબહેન રાજશાખાએ આ ફેકલ્ટી દ્વારા ચલાવવામાં આવતા Short Term Course COP- ‘Food and Nutrition’ અંગેની માહિતિ પુરી પાડી હતી. અંતમાં, પ્રા. સ્મિતાબહેન આચાર્યએ આભારવિધિ કરી હતી. હોમસાયન્સ વિદ્યાશાખાના પ્રા. કેતનભાઈ શાહ અને પ્રા. દક્ષાબહેન ચોટાઈ પણ વ્યવસ્થા ઉભી કરવામાં મદદરૂપ બન્યા હતા.

## ૭) સપ્તધારા અંતર્ગત થયેલ પ્રવૃતિઓ :-

**સામુદાયિક સેવાધારા :-**

૧) મહાત્મા ગાંધીના વિચારોથી વિદ્યાર્થીનીઓ માહિતગાર થાય તે હેતુથી શ્રી. નારાયણ દેસાઈ દ્વારા તૈયાર કરાયેલી ગાંધીકથાની CD વિદ્યાર્થીનીઓને બતાવવામાં આવી.

૨) વિદ્યાર્થીનીઓ દ્વારા સામાજિક બાબતોને લગતા લેખોનું વાંચન કરાવવામાં આવ્યું.

**ગીત-સંગીત નૃત્યધારા :-**

૧) લોકગીતની સ્પર્ધાનું આયોજન કરાયેલ જેમાં વિજેતાઓ :
૧) કુ. પુતી મોઢવાડીયા, ૨) કુ. ભાવના શીંગરાખીયા, ૩) કુ. માનસી વાણોટીયા જાહેર કરાયા.
૨) ‘મા’ શબ્દ સાથે સબંધિત ફિલ્મી ગીતોની રજુઆત અંગેનો કાર્યક્રમ યોજાયો.
૩) ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું તથા લોકગીત, ભજન તથા ગઝલના ગાયન દ્વારા ગાયકી અંગે માર્ગદર્શન પુંરૂ પાડયું.
૪) સંસ્કૃત સ્તવન તથા સંસ્કૃત શ્લોકગાનનું આયોજન કરવામાં આવ્યું.
૫) ‘ગુજરાતી ગીતમાલા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુ. હિમા જોષી, કુ. ભાવના શીંગરખીયા, કુ. દીપીકા મછવારા તથા કુ.પુતી મોઢવાડીયા એ વિશેષ ગીતો રજુ કર્યા.
૬) ‘શિવરાત્રી મહિમા’ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં વિવિધ શિવસ્તુતિ રજુ કરવામાં આવી.
૭) ‘ભજનાવલી’ કાર્યક્રમનું આયોજન કરાવામાં આવ્યું. જેમાં પ્રાચીન ભજનો રજુ કરવામાં આવ્યા તથા તેમાં ડૉ. વાઘેલા સાહેબ દ્વારા ઉપયોગી માહિતિ પુરી પાડવામાં આવી.
૮) ‘હોલી મહોત્સવ’ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં વિવિધ પ્રકારના ‘હોલીગીત’ ના ગાયન કરાયાં.

***સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-***

૧) વાર્તાસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
૨) નેશનલ સેમિનાર અંગેની માહિતિ વિદ્યાર્થીનીઓને પુરી પાડવામાં આવી. જેમાં ડૉ. કેતનભાઈ શાહ તથા પ્રા. વર્ષાબહેન જોષીએ ‘સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણ’ અંગે માર્ગદર્શન આપ્યું.
૩) અનુવાદ સ્પર્ધાનું આયોજન કરાયું.
૪) ધારાનો વાર્ષિક સમાપન કાર્યક્રમ કરાયો. જેમાં કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગર સાહેબ તથા સપ્તધારા કાર્યક્રમના કો.ઓર્ડિનેટર ડૉ. ચેતનાબહેન બેચરા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલી વિદ્યાર્થીનીઓને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પણ ડૉ. કેતનભાઈ શાહ તથા પ્રા. વર્ષાબહેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

***જ્ઞાનધારા :-***

૧) 'પોરબંદર જિલ્લા માહિતિ કચેરી' દ્વારા આયોજિત વકૃત્વ સ્પર્ધા. વિષય :- સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધી અને નિર્મળ ગુજરાતની વિભાવના

વિજેતાઓ -

૧) કુ. વંદના પી. પોપટ - F.Y.B.Com. ૨) કુ. હેતલ જે. કોટીયા - S.Y.B.A. ૩) કુ. બીના એલ. આગઠ - T.Y.B.A.

૨) 'પોરબંદર જિલ્લા માહિતિ કચેરી' દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધા
વિષય :- સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધી અને નિર્મળ ગુજરાતની વિભાવના
વિજેતાઓ - ૧) કુ. નગ્મા એન. બ્લોચ - S.Y.B.A. ૨) કુ. ભાવના ડી. શીંગરખીયા - T.Y.B.A. ૩) કુ. માધુરી ડી. પાણખાણીયા -F.Y.B.Com. ૪) કુ. નયના ડી. ગરચર - F.Y.B.A.

ઉપરની બંને સ્પર્ધાઓમાં નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈએ ભજવી હતી.'પોરબંદર જિલ્લા માહિતિ કચેરી' 'દ્વારા આ સ્પર્ધાના વિજેતાઓને રોકડ ઈનામો તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં હતા. કોલેજ ખાતે આ કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા ગોઠવવાની કામગીરી ડૉ. રેખાબહેન મોઢા દ્વારા કરવામાં આવી હતી.

**૩) અનહદ સંસ્થા - દિલ્હી દ્વારા 'યુવાજાગૃતિ' ના અનુસંધાને 'ભારતીય બંધારણ' અંગે તૈયાર કરવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી.**

***૪) નિબંધ સ્પર્ધા :-***

વિજેતાઓ :- ૧) કુ. હેતલ જે. કોટીયા - S.Y.B.A. ૨) કુ. નગ્મા એન. બ્લોચ - S.Y.B.A. ૩) કુ. હેતલ એચ. વાળા - S.Y.B.A. ૩) કુ. કાજલ કે. મોઢા - F.Y.B.A.

આ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકેની સેવાઓ પ્રા. રણમલભાઈ મોઢાવાડીયાએ આપી.

૫) શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા :-

વિષયો :- ૧) ગૃહિણીને ગૃહકાર્ય બદલ વેતન મળવું જોઈએ કે કેમ ?
૨) શિક્ષણ ફી માં વધારો કેટલે અંશે યોગ્ય ?
૩) પ્રાથમિક શિક્ષણનું માધ્યમ - ગુજરાતી કે અંગ્રેજી ?

વિજેતાઓ :- ૧) કુ. વંદના પી. પોપટ F.Y.B.Com. ૨) કુ. નગ્મા એન. બ્લોચ - S.Y.B.A. ૩) કુ. પુજાબા એ. ગોહિલ - T.Y.B.A.
નિર્યાણકશ્રી તરીકે પ્રા. દક્ષાબહેન ચોટાઈ હતા.

૬) ડિબેટ સમુહ ચર્ચા :-

વિષયો :- ૧) કુટુંબ સંયુક્ત કે વિભક્ત ૨) ધર્મ જોડે કે તોડે ?
૩) વિજ્ઞાન અને ટેક્નોલોજી, લોકો વચ્ચેનું અંતર ઘટાડે છે કે કેમ ?

વિજેતાઓ :- ૧) કુ. હેતલ જે. કોટીયા - S.Y.B.A. ૨) કુ. રોશની જે. કોરીયા - S.Y.B.A. નિર્ણાયકશ્રી ડૉ. રેખાબહેન મોઢા હતા.

***૭) રંગકલા કૌશલ્યધારા :-***

૧) On the spot Drawing competition :-

વિજેતા :- ૧) કુ. ભકિત ટેવાણી - T.Y.B.Com. ૨) કુ. જશુ ગરેજા - T.Y.B.A. ૨) કુ. રીયા મકવાણા - T.Y.B.Sc. (Home) ૩) આરઝુ શેરવાની - F.Y.B.Com. ૩) કુ. પાયલબા ચુડાસમા - S.Y.B.Com. ૪) કુ. સંગીતા ડી. શીંગરખીયા - F.Y.B.Com.

***૨) મહેંદી સ્પર્ધા :-***

વિજેતાઓ :- ૧) કુ. આશા ટુકડીયા ૨) કુ. પાયલબા ચુડાસમા ૨) કુ. શીતલ મારૂ ૩) કુ. કાજલ રામદતી તથા કુ. જલ્પા કારીયા

૩) કાર્ટુનીંગ અંગેના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૨ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૪) ' વેસ્ટમાંથી બેસ્ટ' નમૂનાઓ તૈયાર કરવા માટેના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પોરબંદરના આ અંગેના નિષ્ણાંત શ્રીમતી ઈલાબહેન ઠક્કરે પોતાની સેવાઓ આપી અને તેમાં જુદા જુદા આકારના પેપરકવરના બનાવવા અંગે વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી.

***૮) અભ્યાસવર્તુળ અંતર્ગત થયેલ પ્રવૃતિઓ***

**હિન્દી અભ્યાસ વર્તુળ :-**

૧) સાપ્તાહિક વેશભૂષા કાર્યક્રમ :- 'હિન્દી' મુખ્ય વિષય સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ દ્વારા એક સપ્તાહ સુધી વિવિધ પ્રકારની વેશભૂષાઓ

અંગેના કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા.

૨) સર્ટીફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન હિન્દી અભ્યાસવર્તુળ દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલી વિદ્યાર્થીનીઓને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા.

**અર્થશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-**

૧) ફેબ્રુઆરી-૧૩ ના અંતભાગમાં અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળના ઉપક્રમે 'બજેટસબંધી સમુહ ચર્ચા' નું આયોજન કરવામાં આવ્યું.

૨) એક શૈક્ષણિક મુલાકાત (Educational Visit) આયોજન કરાયું. જેમાં પ્રા. ડૉ. ભાવનાબહેન કેશવાલા તથા પ્રા. શિલ્પાબહેન કેશવાલા દ્વારા 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-ખાપટ' ની મુલાકાત લેવામાં જેમાં અર્થશાસ્ત્ર વિભાગ ૬૫ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી અને તેમાં કૃષિ વિજ્ઞાન તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીનીઓને 'આધુનિક ખેતી' અંગેની માહિતિ આપવામાં આવી.

**કોમર્સ (ગુજરાતી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**

૧) ગ્રુપચર્ચા - F.D.I. ને રોકાણની મંજુરીના ભારતમાં લાભાલાભ.

૨) Career Awareness અંગે કાર્યક્રમ કરાર મેળવવા વેપારીની વ્યૂહરચના તથા ઓડિટર બનવાની પૂર્વતૈયારી અંગે માહિતિ અને માર્ગદર્શન પુરાં પાડવામાં આવ્યાં.

૩) સંચાલકીય નિર્ણય પ્રક્રિયા અંગે એક રસપ્રદ ચર્ચાસભાનું આયોજન કરાયું.

૪) પક્ષી અભ્યારણ્યની મુલાકાત કોમર્સ વિભાગના વિદ્યાર્થીનીઓ દ્વારા લેવામાં આવી.

૫) જેમાં પક્ષીવિદ્ શ્રી. ગોકાણી સાહેબે વિદ્યાર્થીનીઓને પક્ષીઓને જુદી જુદી જાતો અને તેમની જીવનશૈલી અંગે રસપ્રદ માહિતિ પુરી પાડી.

૬) CMAT ની Exam અંગે તથા ભાવિ કારકીર્દી અંગે ઉપયોગી માર્ગદર્શન પુંરૂ પાડવામાં આવ્યું.

**હોમસાયન્સ અભ્યાસવર્તુળ :-**

૧) 'વેસ્ટમાથી બેસ્ટ ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજેતાઓ :

૧) કુ. નિધિ પી. રાડીયા - T.Y.B.Sc. (Home)

૨) કુ. માધવી આર. મકવાણા - T.Y.B.Sc. (Home)

૩) કુ. નિધિ એસ. થાનકી - T.Y.B.Sc. (Home)

૨) ' S.B.I. Life Insurance' ની મુલાકાત ડૉ. ચેતનાબહેન બેચરા તથા T.Y.B.Sc. Home Science ની વિદ્યાર્થીનીઓ દ્વારા લેવામાં આવી.

૩) શ્રીમતી કે.બી. જોષી હાયર સેકન્ડરી સ્કૂલ-છાંયા ખાતે હોમસાયન્સ અંગે વ્યાખ્યાન ડૉ. ચેતનાબહેન બેચરા તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈએ આપેલ.

૪) Expert Lecture - વક્તા ડૉ. કીર્તિબહેન જાની વિષય - 'મહિલાઓના કલ્યાણ અને વિકાસ માટે તથા સમસ્યાઓના ઉકેલ માટે કાર્યરત સંસ્થાઓ.'

૫) 'શ્રી સાહેલી ગ્રામ વિકાસ સંસ્થાન બગવદર' ની મુલાકાત.

૬) મંદબુદ્ધિના બાળકો માટે કાર્યરત સંસ્થા 'શિશુકુંજ' ની મુલાકાત.

૯) ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે 'AAA' કમિટિની મુલાકાત :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે તા. ૧/૪/૧૩ ના રોજ 'AAA' કમિટિએ મુલાકાત લીધી હતી. જેમાં,

૧) ડૉ. શ્રી ભટ્ટ સાહેબ - ચેરમેન પ્રિ. શ્રી. કે.કા. શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજ-અમદાવાદ

૨) ડૉ. શ્રી નંદાણિયા સાહેબ પ્રિન્સીપાલશ્રી મ્યુનિસીપલ આર્ટ્સ, કોમર્સ કોલેજ ઉપલેટા.

૩) ડૉ. રામદતી સાહેબ, શ્રી. કે.એચ. માધવાણી આર્ટ્સ, કોમર્સ કોલેજ, પોરબંદર

પધાર્યા હતા. કમિટિ સમક્ષ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગર સાહેબે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વર્ષ-૨૦૧૨/૧૩ દરમ્યાન મહિલા કોલેજ ખાતે કરવામાં આવેલી પ્રવૃતિઓનો અહેવાલ આપ્યો હતો.

આ પછી કમિટિના સભ્યોએ કોલેજની માળખાગત સુવિધાઓ ચકાસી હતી. શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ સાથે અને વિદ્યાર્થીનીઓ સાથે મુલાકાત અને વાર્તાલાપ કર્યા હતા.

કોલેજમાં ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ તથા કોલેજમાં ચાલતી પ્રવૃતિઓ અંગેનો અહેવાલ મેળવીને 'AAA' કમિટિ ઘણી પ્રભાવિત થયેલ હતી તથા સંસ્થાના પ્રિન્સીપાલશ્રી, તમામ કર્મચારીઓ, વિદ્યાર્થીનીઓ તથા કોલેજના મેનેજમેન્ટની પણ તેમને ઘણી પ્રશંસા કરી હતી અને જણાવ્યું કે, ' સંસ્થાના વિકાસ માટે કોલેજ સાથે જોડાયેલ તમામ વ્યક્તિઓ મળીને કાર્ય કરી રહ્યા છે તે ઘણી સારી બાબત છે.' કમિટિની મુલાકાત સમયે સામાન્ય સભાનું સંચાલન મહિલા કોલેજની બી.કોમ. સેમે.-૬ની વિદ્યાર્થીનીઓ કુ. શ્રેયા ઓઝા તથા કુ. કોશા ઓઝાએ કર્યું હતું.

'AAA' ના કોલેજ કો-ઓર્ડિનેટર તરીકે વાઈસ પ્રિન્સીપાલશ્રી કરગથરા સાહેબ તથા સહ-કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. સુલભાબહેન દેવપુરકર સેવાઓ આપી હતી.

## સ્ટુડન્ટ કોર્નર :-

### ૧) સ્વાર્થી માણસ

માસણસ તું ક્યા દિવસનો બની ગયો છે સ્વાર્થી,
શું તારા જેવા કોઈ છે આ જગતમાં સ્વાર્થી !
તે જમાવ્યો કે હક્ક, પ્રાણી-પક્ષી ઉપર,
તે બાંધી લીધી છે આખી પૃથ્વીને સ્વાર્થથી,
તે મેળવી લીધો છે હક્ક સાગર પર,
તે બાંધી લીધું છે આ બ્રહ્માંડને સ્વાર્થથી,
તે મેળવી લીધો છે હક્ક નદી-ઝરણાં પર,
તે બાંધી લીધા છે જંગલને સ્વાર્થથી,
તે મેળવી લીધો છે હક્ક, મંદિર-મસ્જિદ પર,
તે બાંધી લીધા છે મેદાનોને સ્વાર્થથી,
તે મેળવી લીધા છે હક્ક ફળ-ફૂલ પર,
તે બાંધી લીધા છે આ વટ-વૃક્ષને સ્વાર્થથી,
માણસ તું ક્યાં દિવસનો બની ગયો છે સ્વાર્થી ?

-જયશ્રી કે. ખુંટી B.Com. sem-2

### *૨) સફળતા*

‘‘તળાવની જેમ સ્થગિત થનાર નહિ, પરંતુ નદીની જેમ વહેતા રહેનારા જીવનને સાર્થક કરતા હોય છે. દરેક સ્થિતિમાં પ્રવૃતિમય રહેવું જરૂરી છે. તેના વિના પ્રગતિ થતી નથી. સફળ વ્યકિત દરેકને સાથે લઈને ચાલે છે અને સબંધોને જાળવી રાખે છે. સફળ વ્યકિત સંજોગોની ગુલામ નથી પણ પોતે સંજોગો ઉભા કરે છે.’’

-કુ. પુજાબા એ. ગોહિલ T.Y.B.A. (સમાજશાસ્ત્ર)

૧૧) તંત્રીસ્થાનેથી :- વર્ષ ૨૦૧૨-૧૩ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજનું ‘રજતજયંતિ વર્ષ’ તરીકે ઉજવાયું. ૨૫ મો વાર્ષિકોત્સવ વિશિષ્ટ રીતે ઉજવાયો-યાદગાર બની રહ્યો, સાથે જ નેશનલ સેમિનાર પણ યોજાયો અને હજુ ‘Foundation Day-1st July’ ના રોજ ‘કવિ સંમેલન’ નું આયોજન પણ કરાયું છે. આ નિમિતે ‘મહિલા કોલેજ’ સાથે જોડાયેલ તમામ – ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રી અર્જુનભાઈ મોઢ વાડિયા, સમગ્ર ટ્રસ્ટીગણ, પ્રિન્સીપાલશ્રી, શૈક્ષણિક વહીવટી કર્મચારીઓ તથા ભૂતપૂર્વ-વર્તમાન વિદ્યાર્થીનીઓને અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

**પ્રા.ડૉ. રેખા એચ.મોઢા**
**પ્રા. રાકેશ કક્કડ**
**પ્રા. વર્ષા બી. જોષી**